ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રચાર-પ્રસાર માટેની રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૨૦/૭૭૭૦૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૦૪/૦૮/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૪/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૨૦/૨૧૭૮-૮૦

૨. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૦૩/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક:નબા/યોજના/૨૦૧૯-૨૦/૮૯૩૬-૩૭

આમુખ:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને વર્ષ:૨૦૨૦-૨૧માં પ્રચાર-પ્રસાર માટે રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ, જે અંગેની અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

આ વિભાગ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને વર્ષ:૨૦૨૦-૨૧માં પ્રચાર-પ્રસાર માટે રૂ.૧૦.૦૦ લાખની રકમ નીચેની શરતોને આધિન ફાળવવા અંગેની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરાવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ યોજનાઓ અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

૧૨. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિકની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૪. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૫. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવુ નહિં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૬. <u>નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી પ્રતિબંધિત કરેલ ખર્ચ વિષયક બાબતો પર ખર્ચ ન થાય તે પણ ધ્યાને લેવાનું રહેશે.</u>

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.